


શિક્ષણ સેવા સંસ્કાર

સ્થાપક : સ્વ. શાંતિભાઈ ધોળકિયા
તંત્રી : વિરેન શાં. ધોળકિયા
લવાજમ : વાર્ષિક રૂ. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૯ અંક : ૨
સપ્ટેમ્બર - ૨


## જાગૃત થા હે ! મા !

ભુવન ભવનની હે ભુવનેશ્વરી ...જાગૃત થા હે ! મા!
પ્રણવ-મંત્રની તું જગજનની
નાદબ્રહ્મની તું બ્રહ્માણી
વેદ ઋચાની હે સુરદાતા ...જાગૃત થા હે ! મા!
સકલ વિશ્વની શિવ સ્વરૂપા
પરા અપરાથી મુક્ત સ્વરૂપા
પ્રકાશ પુંજની હે પ્રણેતા ...જાગૃત થા હે ! મા!
તેજ તિમિરથી ભિન્ન સ્વરૂપા
મંગલમય હે મંગલરૂપા
ચૌદ ભુવનની હે જગમાતા ...જાગૃત થા હે ! મા!

- દિવાકર વોરા (રાજકોટ)


બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...
બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ, કોટેચાનગર મેઇન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૯૯૧૦૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

# અમૃત જયંતિ નિમિત્તે સહસ્ત્ર કોટી વંદના

----- માતૃદેવો ભવ -----



**ભા**વથી ભરીભરી

**વ**હાલની વાદળી

**ના**જૂક ગજવેલ નાર

**શ્રીમતી ભાવના (તરૂલતા) દિલસુખરાય વછરાજાણી**

**૭૫મો જન્મદિવસ તા. ૧૩-૮-૨૦૧૨**

ઈશ્વરને જયારે પૃથ્વી પર અવતરવાનું મન થયું ત્યારે તેણે 'મા' નું સર્જન કર્યું.
સતત ધૂપસળીની માફક પોતે મટીને બીજાના જીવને સુવાસિત કરનાર
પ્રેરણાદાયી પરમપૂજય 'મા'ના ચરણોમાં
૭૫મા જન્મદિને સાદર પ્રણામ

**વિશાખા મૌલેશ પોટા**
**અમીતા- નૈમિષ- ઋત્વિક**

# દેશના શૂરવીરોને સાહસવીરો દ્વારા અનેરી સલામી

(આજે ભ્રષ્ટ રાજકારણીઓએ દેશભકિતની ભાવના ખોખલી અને ઔપચારિક બનાવી દીધી છે.આપણે માત્ર એસએમએસ દ્વારા 'સ્વતંત્રતા કે પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવીએ અને મિડીયા ઉપર નેતાઓ ભાષણ ઝાડે...!! ખેર...)પરંતુ અડાલજ સ્થિત મીકેનીકલ એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા હરિત હર્ષદભાઈ વસાવડા અને તેમના ૭ મિત્રોએ ૬૬માં સ્વતંત્રતા દિવસની ઉજવણી આપણા દેશની કાયમ માટે રક્ષા કરતા સરહદ સલામતી દળના જવાનો સાથે ઉજવવાનું આયોજન કર્યુ અને અમદાવાદની જીપીપી મોટર કલબ દ્વારા આયોજીત મોટર સાયકલ રેલીમાં જોડાઈ ગયા. તા. ૧૪ ઓગષ્ટના વહેલી સવારે સેટેલાઈટ રોડ અમદાવાદથી આ ગૃપ રવાના થયું અને સાંજે ઈન્ડીયા બ્રિજ ખાવડાથી ૨૦ કી.મી. આગળ બી એસ એફની ૫૩ મી બટાલીયન ધર્મશાળા ખાતે પહોંચ્યા. રાત્રી રોકાણ દરમિયાન બી એસ એફ ના જવાનો સાથે મિત્રોએ તેઓના દૈનિક કાર્યક્રમકની ચર્ચા કરી જાણકારી મેળવી હતી. ૧૫ ઓગષ્ટની સવારે બીએસએફ કેમ્પસ ખાતે બીએસએફના જવાનો સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. કેમ્પસના ચીફ કમાન્ડર શ્રી પરવીર સિંહે દેશપ્રેમ અંગેના પ્રાસંગિક વિચાર રજુ કરી શૌર્યતાને બિરદાવી હતી. ત્યારબાદ ગૃપને ૬૫ કિમી દુર આંતરરાષ્ટ્રીય ઈન્ડીયા-પાકિસ્તાન બોર્ડર જોવા માટે બીએસએફના જવાનો સાથે રાખીને જોવાની વ્યવસ્થા કરી હતી. આમ હજાર કિમી નો મોટર સાયકલ દ્વારા સાહસભર્યો પ્રવાસ ખેડી યુવા જુથે આપણા દેશને અને પવિત્ર રાષ્ટ્રધ્વજને અનેરી રીતે સાહસભરી સલામી આપી પરત આવ્યા હતા.

યુવા મિત્રોને અભિનંદન સાથે દેશપ્રેમ કેળવી ગતિમાન રહો તેવી શુભકામના.

# શ્રી સમસ્ત નાગર વિદ્યોતેજક મંડળ જૂનાગઢ

સંસ્થા તરફથી તા. ૧૭-૬-૨૦૧૨ના રોજ શ્રી અનંત ધર્માલય ખાતે સંસ્થાના પ્રમુખ ડો. શ્રી મહેન્દ્રભાઈ નાણાવટીના અધ્યક્ષ સ્થાને જ્ઞાતિના ધો ૧૦ તથા ૧૨ ના ૭૦% થી વધારે ગુણ મેળવીને ઉતીર્ણ થયેલ ૨૨ તેજસ્વી તારલાઓને સન્માનવાનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાય ગયો. આ ઉપરાંત શ્રી રાજ મૃગેશભાઈ રીંડાણી બી.પીટી(ફિઝીયોથેરાપી) માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને આવવા બદલ જયારે શ્રી ગૌરવ વિક્રમભાઈ બુચ પી.એચડી થતા તેઓને પણ સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી મધુભાઈ વસાવડાના સ્વાગત પ્રવચન બાદ સંસ્થાના મંત્રી શ્રી મધુભાઈ કીકાણીએ સંસ્થાકીય પ્રવૃતિનો અહેવાલ આપેલ. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જ્ઞાતિના સન્માનનીય સજજનો સર્વશ્રી મુ. સનતભાઈ ઝાલા, મહેશ્વરભાઈ પંચોલી, શ્રીકાન્તભાઈ જોષીપુરા,પ્રફુલ્લભાઈ નાણાવટી, હેમંતભાઈ નાણાવટી, બકુલેશભાઈ આચાર્ય, જસુકાન્તભાઈ વસાવડા,ડો.જયદીપભાઈ દેસાઈ ઉપસ્થિત રહેલા. દાતાઓ તરફથી તેજસ્વી તારકોને ઈનામો તથા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા બાદ વર્ષ દરમિયાન બાળ પ્રતિભા શોધમાં ક્રમ મેળવનાર, આકાશવાણી તથા દુરદર્શનના નાટય કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોનું પણ સન્માન કરવામાં આવેલ. આભાર દર્શન સહમંત્રી શ્રી વિમલભાઈ વોરાએ કરેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેકટ ચેરમેન શ્રી કલ્પિત નાણાવટી, ભવજીત બક્ષી, લુપેન્દ્રભાઈ જોષીપુરા,મોહિતભાઈ જોષીપુરા તથા સુધીરભાઈ માંકડે જહેમત ઉઠાવેલ. કાર્યક્રમ સુંદર અને રોચક શૈલીમાં સંચાલન સ્થાનિક ટી વી ચેનલના ઉદ્ઘોષક શ્રી સંજીવ મહેતાએ કરેલ. અલ્પહાર બાદ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

*મૌનને સુધારી ન શકો ત્યાં સુધી બોલશો નહીં.*

## કુ. સંગતિ મહેતા એમ.બી.એ. થયાં



ભાવનગર સ્થિત હિમાંશુભાઈ તથા કામાક્ષીબેન મહેતાનાં પુત્રી કુ. સંગતિએ તાજેતરમાં જી.ટી.યુ. દ્વારા એમબીએ (ફાઈનાન્સ)પૂર્ણ કર્યું. પોતાની અભ્યાસકીય કારકિર્દીમાં સતત જવલંત સફળતા મેળવનાર સંગતિએ શાસ્ત્રીય ગાયનમાં વિશારદ પૂર્ણ કર્યું છે. વડનગરમાં યોજાતા પ્રખ્યાત તાનારીરી મહોત્સવમાં પોતાનું કંઠયસંગીત પ્રસ્તુત કરી ચુકયાં છે. કુ. સંગતિ ભાવનગરમાં પ્રતિમાસ રજુ થતા લીમકા બુક ઓફ રેકોર્ડસ પ્રમાણિત "સૂરીલી સાંજ"કાર્યક્રમનાં નિયમિત ગાયિકા છે. ઉપરાંત ભાવનગર તથા ગુજરાતમાં વિવિધ સ્થળોએ વિવિધ કાર્યક્રમો આપ્યા છે.

ભાવનગરે ઘણા ઉત્તમ કલાકારો આપ્યા છે...કારકિર્દી અને સંગીતની સંગતિ સાથે પ્રગતિ કરો તેવી શુભકામના.

## નિશાંત શુકલએ પી.એચડી.ની પદવી મેળવી



મૂળ ભુજના હાલ જામનગર સ્થિત જાણીતા વૈદ્ય ડો. સી.પી. શુકલ તથા શ્રીમતી અનિલા ચંદ્રકાન્ત શુકલના પૌત્ર તથા શ્રી એસ .સી. શુકલ અને શ્રીમતી પ્રાપ્તિ શુકલના પુત્ર ડો. નિશાંત શુકલને માનસ રોગ એવં મનોવિજ્ઞાન વિષયમાં પી.એચડી. (આયુ.) ની પદવી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવી છે. તેમનો પી.એચડી.ના મહાનિબંધનો વિષય Role of maanas bhavas in etiopathogenesis of essential Hypertension & Management by Medhya Rasayana & Sarpagandha Vati રહેલ.

## કવીઝ કોન્ટેસ્ટમાં પ્રથમ સ્થાને હર્ષિલ વૈદ્ય



વડોદરાની સંતકબીર સ્કુલમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતા હર્ષિલ વૈદ્ય (પિયુષ અને ગિરા વૈદ્યના પુત્ર અને મહેન્દ્રકાન્ત અખિલેશ્વરી વૈદ્યના પૌત્ર)એ તાતા કન્સલ્ટન્સી સર્વિસ દ્વારા ઓગષ્ટ ૨૦૧૨માં આયોજીત આઈ ટી કવીઝમાં રાજય સ્તરે બીજું સ્થાન મેળવ્યું. તેમજ રૂરલ આઈ. ટી. કવીઝમાં રાજય સ્તરે પ્રથમ સ્થાન મેળવતાં હવે ઓકટોબર ૨૦૧૨માં રાષ્ટ્રીય સ્તરની પ્રતિયોગિતામાં ભાગ લેવા બેંગલોર જશે.

## હાટકેશ સિનીયર સીટીઝન કલબ, ભુજ

સંસ્થા દ્વારા નિવૃતિમાં પણ પ્રવૃતિના ભાગ તરીકે એક નવતર કાર્યક્રમ "જોડી અંતાક્ષરી" યોજાઈ ગયો. જેમાં ૫૮ થી ૭૫ વર્ષ ધીની ઉંમરના ૧૩ વયસ્કોએ ભાગ લઈ જુના નવા ફિલ્મી ગીતોની રમઝટ બોલાવી. બહોળી સંખ્યામાં ઉપસ્થિતોને રસતરબોળ કર્યા. સંસ્થાના પ્રમુખશ્રી પરિમલભાઈ ધોળકિયા, જ્ઞાતિપ્રમુખ શ્રી અતુલભાઈ મહેતા તથા નાગર બ્રામણ જ્ઞાતિ પ્રમુખશ્રી ભરતભાઈ વોરાએ દીપ પ્રાકટય કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકેલ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી મદનભાઈ પાઠકે સેવા આપેલ. પ્રોજેકટ ચેરપર્સન શ્રીમતી પૂર્ણિમાબેન પાઠકે આ સ્પર્ધાના હેતુ તથા વિગત આપી હતી. જયારે શ્રી મંદાબેન પટણીએ પરિચય આપ્યો હતો. અંતાક્ષરી નું સંચાલન શ્રીમતી નયનાબેન માંકડ ,દીવ્યાબેન વૈદ્ય તથા ઈલાબેન માંકડે કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ધૈર્યનિષ્ઠાબેન તથા આભારવિધિ શ્રી હરીભાઈ અંતાણી એ કરી હતી.

*જેણે યુવાનીમાં સત્કર્મ છોડયું હોય તેની વૃધ્ધાવસ્થા બહુ બગડે છે.*

## રાષ્ટ્રીય એવોર્ડ મેળવતાં વૈદેહી



આકાશવાણી-દુરદર્શનના જાણીતા કલાકાર દંપતી રાજકોટના શ્રીમતી સુજ્ઞાબેન તથા શ્રી પ્રિયકાન્તભાઈ વસાવડાના પુત્રી શ્રીમતી વૈદેહી અમીત દેસાઈને નવી દિલ્હી સ્થિત Indian economic Dev. & Research Asso (IEDRA) સંસ્થાન દ્વારા રાષ્ટ્રીય એવોર્ડ Indian Achievers Award for education excellenceથી નવાજવામાં આવ્યાં.

નવી દિલ્હી ખાતે ઈન્ડીયા હેબીટેટ સેન્ટર ખાતે તા. ૯-૮-૧૨ના રોજ યોજાયેલ વિશેષ સમારંભમાં સર્વશ્રી વેદપ્રકાશ (રીટાયર્ડ મેજર) ડો. કૃષ્ણમૂર્તિ (ભૂતપૂર્વ ચુંટણી કમિશ્નર) ડો. ભીષ્મ નારાયણ સિંહ (ભૂતપૂર્વ રાજપાલ) તથા અલ્જેરીયાના રાજદૂતના હસ્તે તેઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

વૈદેહીબેને સ.પ. યુનિવર્સિટી માંથી હોમસાયન્સની પદવી પ્રથમ સ્થાન સાથે મેળવીને રાજકોટ તથા કચ્છની વિવિધ સંસ્થાઓમાં શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપેલ છે. હાલમાં કે. જી. ધોળકિયા સ્કૂલ ખાતે આચાર્યપદ શોભાવી રહયાં છે. સૂઝ, લગન અને ગુણવત્તા દ્વારા મેળવેલ આ સન્માનને બિરદાવીએ.



## શ્રી મયુર દેસાઈ 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે સન્માનિત થયા

ધ ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ લાયન્સ કલબ વડોદરા તરફથી ૫ મી સપ્ટેમ્બર 'શિક્ષક દિન' નિમિતે વડોદરાની ભારતીય વિદ્યાભવન્સ પબ્લિક સ્કુલ ના કોર્ડીનેટર તથા હેડ ઓફ ડિપાર્ટમેન્ટ શ્રી મયુર જે દેસાઈને તેમની ૩૦ વર્ષની સુદીર્ઘ શૈક્ષણિક તથા લોકપ્રિય સેવા બદલ "શ્રેષ્ઠ શિક્ષક " તરીકે સન્માનિત કરવામાં આવ્યા. તેઓ જાણીતા નાટય કલાકાર, લેખક, દિગ્દર્શક પણ છે.

આપણી જ્ઞાતિને મળેલ કોઈપણ સન્માન ગુણવત્તાનું પ્રમાણપત્ર છે...અભિનંદન સહ શિક્ષણ અને કલાના સમન્વય દ્વારા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ તૈયાર કરો તેવી શુભકામના.

## <u>ઓકટોબર-નવેમ્બરનો સંયુકત અંક તા.૧૦/૧૧/૧૨ના રોજ પ્રસિધ્ધ થશે...</u>

આ અંક બાદ **<u>ઓકટોબર માસનો અંક પ્રસિધ્ધ થશે નહી. અને દર વર્ષ મુજબ ઓકટોબર-નવેમ્બરનો સંયુકત અંક દીપોત્સવી અંક તરીકે તા ૧૦-૧૧-૨૦૧૧૨ના રોજ પ્રસિધ્ધ થશે.</u>**

જ્ઞાતિના લેખકો, કવિઓને તેમની કૃતિઓ, મૌલિક એસએમએસ, કવીઝ-પઝલ,યુવાલક્ષી ઉપયોગી માહિતી વગેરે વિવિધતા સભર સાહિત્ય, મોડામાં મોડા **તા. ૨૫ ઓકટોબર** સુધીમાં મળી જાય તેમ મોકલી આપવા આમંત્રણ છે. વહેલા તે પહેલાને ધોરણે સ્થળ અને યોગ્યતા પ્રમાણે નવોદિતોને પણ સ્થાન આપવામાં આવશે. આ વખતે દીપોત્સવી અંક દિવાળી-નૂતન વર્ષ પહેલાં પ્રસિધ્ધ થતો હોઈ દીપોત્સવ કાર્યક્રમોના આયોજનની માહિતીને અગ્રતા આપવામાં આવશે તેથી વેળાસર મોકલી આપવા સંસ્થાઓના હોદેદારોને વિનંતી છે. આ વર્ષે બરછીને આર્થિક પીઠબળની જરૂર હોવાથી ખાનગી બેંક,કંપનીઓ,શૈક્ષણિક સંસ્થાઓની વ્યાવસાયીક જાહેરાતો આવકાર્ય છે..અનુદાન નહીજ. વિશેષ માહિતી માટે રૂબરૂ કે ફોનથી સંપર્ક કરશો. દરેક પાને જ્ઞાતિજનોની ત્રણ લીટીની **'સાલમુબારક-શુભેચ્છા' જાહેરાત માત્ર રૂા. ૧૨૫/-** માં છાપવામાં આવશે...-તંત્રી

*સ્ત્રી બુદ્ધિના તર્ક કરતાં હદયની લાગણીને વધુ મહત્વ આપે છે.*

# સમાચાર સંચય

***અમદાવાદ :–*** શ્રી મનીષ બિપીનભાઈ કીકાણી સહ પરિવાર વૈષ્ણવોદેવીની યાત્રાએ જઈ આવ્યા.

શ્રી મનીષ કિકાણી અને શૌનક અ. વૈદ્યને વોડાફોનમાં સિનિયર એકઝી. તરીકે બઢતી મળી.

અત્રે એલ.જી કંપની દ્વારા રાજયકક્ષાની માઈક્રોવેવ કુકીંગ કોન્ટેસ્ટ "મલ્લિકા એ કિચન" સ્પર્ધાના સેમી ફાઈનલ અને ફાઈનલ રાઉન્ડમાં શ્રીમતી પૂર્વી વિસ્મીત જોષીપુરાએ નિર્ણાયક તરીકે સેવા આપી

વેજલપુરનાં જ્ઞાતિ બહેનોએ શ્રાવણ માસ દરમિયાન જુદા જુદા ઘેર સાંજે એક કલાક સાથે મળી સ્તુતિ, ભજનો દ્વારા શ્રાવણી સત્સંગ કરેલ. અમાસના દિવસે શ્રી લક્ષ્મીકાન્ત વૈષ્ણવને ત્યાં લઘુરૂદ્રનું પણ આયોજન કરેલ. આ વિસ્તારના જ્ઞાતિજનોએ દર્શન સાથે ચુરમા લાડુની પ્રસાદીનો લાભ મેળવેલ. અંતમાં આ જ રીતે પુરૂષોતમ માસની કથાનું શ્રી ભાલચંદ્રભાઈ મંકોડીને ત્યાં વાંચન કરવામાં આવ્યું.

કુ. જયતી ગૌરવ દેસાઈ એમ.બી.એ. (ફાઈનાન્સ પાર્ટ-૧) માં પ્રથમ વર્ગમાં ઉતીર્ણ થયાં

હેત કલાપી દેસાઈએ BITS પીલાનીમાંથી ઉચ્ચ ગુણાંક સાથે એમ.એસ.ની પદવી મેળવી. તેઓ ૨૦૦૯થી ટેક મહીન્દ્ર લી. પૂના ખાતે સોફટવેર એન્જીનીયર તરીકે ફરજ બજાવી રહયા છે.

ભાવાંક પ્રશાંત બુચ જર્નાલીઝમમાં પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ડીસ્ટી. સાથે ગુજરાત યુનિવર્સિટીમાં ચોથું સ્થાન મેળવી ઉત્તીર્ણ થયા.

***આણંદ :–*** શ્રી નાગર મંડળના ઉપક્રમે શ્રાવણ માસ નિમિતે શ્રી બકુલ ભટ્ટ દ્વારા શ્રી શિવમહિમ્નના પાઠ નું આયોજન કરવામાં આવેલ જયારે ૧૫/૯ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજીત કરાયેલ જેમાં નાના બાળકોથી વડીલ સુધી સૌએ ભાગ લીધો હતો. ત્યારબાદ નવા વર્ષની કારોબારીની રચના કરવામાં આવતાં નવોદિત ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું હતું. જેમના પરિચયને અંતે સૌ સમૂહ ભોજન લઈ વિખરાયા હતા. કારોબારીના સભ્યોએ જહેમત ઉઠાવી આયોજન સફળ બનાવેલ.

મુળ ભુજના હાલ વડોદરા ખાતે ટાટા કન્સલ્ટન્સીમાં ફરજ બજાવતા પ્રેરિત કીરણભાઈ અંજારીયા (સંગીતાબેન અજયકુમાર વોરા–આણંદના જમાઈ) તા.૧૭ થી ૨૨ સપ્ટે. વર્કશોપમાં ભાગ લેવા લંડન જઈ આવ્યા.

***વલ્લભ વિદ્યાનગર :–*** સ.પ. યુનિવર્સિટીના ફીઝીકસના પ્રોફેસર ડો. કમલનયન નરહરપ્રસાદ જોષીપુરા સાથેની એક કલાકની મુલાકાતનું ડીડી ગિરનાર ચેનલ ઉપરથી જીવંત પ્રસારણ થઈ ગયું જેમાં તેઓએ "ગોડ પાર્ટીકલ્સ" વિષય ઉપર સરળ છતાં વિદ્વતા પૂર્ણ સમજણ આપી હતી.

શ્રાવણ માસ નિમિતે હેમંતભાઈ, અમીતભાઈ, જલધિભાઈ મહેતા તથા કિરણભાઈ ઓઝાના નિવાસસ્થાને શિવ સ્તુતિ, શિવાષ્ટક, શિવ મહીમ્ન સ્તોત્ર દ્વારા સત્સંગ થયો.

***વડોદરા :–*** માનસ કમલેશ મહેતા જે શ્રી ધૈર્યકેતુ જી. મહેતાના પૌત્ર શ્રી નિરંજનરાય વોરાના દોહિત્ર પારૂલ ઈન્સ્ટીટયુટમાંથી એમબીએ માં ઉતીર્ણ થઈ કેમ્પસ ઈન્ટરવ્યુ દ્વારા અત્રેની કોલાબા કંપનીમાં આઈ ટી (એચઆર ડી)વ્ભિાગમાં નિમાયા

અત્રેના અમીત તથા કેયુરી ઓઝાનાં પુત્રી કુ. પાયલ (એમ.એસ.સી.– મેથ્સ,બી.એસ. સી.ગોલ્ડમેડાલીસ્ટ) નિરમા યુનિવર્સિટીઅમદાવાદ ખાતે આસી. પ્રોફેસર તરીકે જોડાયાં.

સિનીયર સીટીઝન ફેડરેશન વડોદરા સાથે સંલગ્ન જુદા જુદા વિસ્તારોના ૨૪ એસો.ના સભ્યો માટે આયોજીત વકતૃત્વ સ્પર્ધામાં સમા વિસ્તારના પ્રતિનિધિ તરીકે શ્રી મંગળપ્રસાદ ડોલરરાય બુચે ભાગ લઈ "વૃધ્ધાવસ્થા આશીર્વાદ કે અભિશાપ" વિષયક વકતવ્ય આપી બીજું પારિતોષીક મેળવ્યું.

***ભુજ :–*** સંબલપુર (ઓરીસ્સા) સ્થિત શ્રીમતી દામિની દ્વિજેન્દ્ર વોરાના પુત્રી , (સ્વ. કુંજલતાબેન

*કળિયુગમાં સૌથી વધુ બિમારી ફેલાઈ હોય તો તે ક્રોધ છે.*

મંજુલભાઈ વોરા ના પૌત્રી તથા શ્રીમતી હનીબાળાબેન બાબુલભાઈ અંતાણીના દોહિત્રી) ઓસમ એમ. એ. (ઈંગ્લીશ) માં પ્રથમવર્ગમાં ઉર્તીણ થઈ પોતાની જ કોલેજ ગંગાધર મેહરમાં વ્યાખ્યાતા તરીકે જોડાયાં.

કેન્દ્ર સરકારના નાણા અને રાજસ્વ વિભાગ દ્વારા કલકતા,મુંબઈ સહિતના ૬ સ્થળોએ પ્રીવેશન્સન ઓફ મની લેન્ડરીંગ એકટ ૨૦૦૨ હેઠળ પ્રોસીકયુસન્સ મિલ્કત જપ્તીના કેસ ,એજયુકેશનની ટ્રીબ્યુનલ સમક્ષની અપીલ વિગેરે માટે કચ્છના વરિષ્ટ ધારાશાસ્ત્રી શ્રી રત્નાકર ધોળકિયાની સિનીયર કાઉન્સેલર તરીકે નિમણુક કરવામાં આવી.

વડોદરા સ્થિત શ્રીમતી જાગૃતિ કેતન અંતાણીના પુત્ર ઉદગાર એમએસ યુની. માંથી બી. ઈ.(મેક) માં ડીસ્ટીંગશન સાથે ઉર્તીણ થયા અને કેમ્પસ ઈન્ટરવ્યુમાં એલ એન્ડ ટી કંપનીમાં વડોદરા ખાતે નિમણુક મેળવી. ઉદ્ગાર સ્વ. શ્રીમતી જયકુમારી મધુકાન્ત અંતાણીના પૌત્ર તથા શ્રીમતી કૃષ્ણાબેન બકુલભાઈ વોરાના દોહિત્ર થાય.

રાજકોટના સુજીત વિતેશભાઈ વસાવડાએ હોટેલ મેનેજમેન્ટનો અભ્યાસ કરી નોકરી સાથે 'હોટ પ્લેટ' ફાસ્ટફૂડ પાર્લર (ઓધવરામ કોમ્પ્લેક્ષ, ટાઉનહોલ સામે, ભુજ)નો પ્રારંભ કર્યો.

***જામનગર :*** -અ.ભા. નાગર પરિષદ જામનગર શાખાના ઉપક્રમે તા. ૧૯-૮ ના રોજ હાટકેશ હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થઈ ગયું. એસ્સાર કંપનીના જનરલ મેનેજર શ્રી જયોતિન્દ્રભાઈ વછરાજાનીના અતિથિ વિશેષ પદે યોજાયેલ આ કાર્યક્રમમાં બાળકોએ બાળગીતો, સંસ્કૃત શ્લોકો , બહેનોએ ગરબા તથા કવીઝ વગેરે રજુ કરેલ. શ્રી વિક્રમભાઈ માંકડે રોગ અને સ્વાસ્થ્ય ઉપર મનનીય વકતવ્ય આપ્યું હતું. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ વિવિધ રંગી કાર્યક્રમ માણ્યો હતો.

શ્રી પુષ્પેન્દ્ર છાયા તથા શ્રીમતી જિજ્ઞાસા છાયાના પુત્ર તે સ્વ. શિવપ્રસાદ છાયાના પૌત્ર તેમજ સ્વ. અનંતરાય જી. દેસાઈના દોહિત્ર અર્પિત બી.ઈ.(આઈટી)માં ડીસ્ટીંકશન સાથે ઉર્તીણ થયા બાદ જર્નાલિઝમ અને માસ કોમ્યુનીકેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવી અને હાલ તેમાં જ માસ્ટર ડિગ્રી કરી રહયા છે.

***પોરબંદર :*** - શૈલી વિરેશકુમાર ઓઝા PGVCL માંગરોળ ખાતે જુનીયર આસી. તરીકે જોડાયાં.

કથન રાજેન્દ્રભાઈ ઓઝા CCCની પરીક્ષામાં ઉતીર્ણ થયા.

અભિજ્ઞ મિલન પોટા ટીસીએસમાં એન્જી. તરીકે ચેન્નઈ ખાતે જોડાયા.

***જામખંભાળિયા :*** -સ્વ. મુ.ચત્રભુજ બાપુભાઈ ઝાલાના કુટુંબીઓનું સ્નેહમિલન તા. ૧૦-૮-૨૦૧૨થી તા. ૧૨-૮-૨૦૧૨ જુનાગઢ મુકામે ભારતી આશ્રમમાં યોજાય ગયું. સ્નેહ મિલનમાં નાના મોટા થઈ ૭૫ વ્યક્તિઓએ ભાગ લીધો. ત્રણ દિવસમાં રાસગરબા ,અંતાક્ષરી મ્યુઝીકલ ચેરમાં સૌ એ ભાગ લીધો. સ્નેહમિલનમાં કુટુંબના વરિષ્ટ જમાઈ મુ. વડીલ દિનકરભાઈ વૈષ્ણવે ૯૯ વર્ષની વયે હાજરી આપી સૌને આશીવર્ચનોથી પ્રોત્સાહિત કર્યા. આજના ગતિશીલ સમયમાં કુટુંબ મિલનની અગત્યતા અને અનિવાર્યતાની સૌએ લાગણી અનુભવી. ભવિષ્યમાં ૨ કે ૩ વર્ષે અનુકુળતાએ ફરી મળવાના સંકલ્પ સાથે સૌ છુટા પડયાં.

અત્રેના હાટકેશ્વર મંદિરમાં વર્ષોની પ્રણાલી મુજબ શ્રાવણ માસ દરમિયાન દરરોજ સાંજે શિવ મહિમ્ન સ્તોત્રનું પઠન કરવામાં આવેલ. અમાસના રોજ લઘુરૂદ્ર માટે યજમાન પદ માટે ડ્રો કરવામાં આવતાં તેનો ફાલ્ગુની બેન ભાવેશભાઈ છાયા દંપતીને લાભ મળ્યો. સવારે આઠ વાગે જ્ઞાતિ ગોર શ્રી જીતુભાઈ વોરા દ્વારા શાસ્ત્રોક્ત વિધિપૂર્વક લઘુરૂદ્ર કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં સાંજે ૬:૩૦ વાગ્યે બીડું હોમાયેલ. દર સોમવારે જુદા જુદા શણગાર કરવામાં આવેલ.

શ્રી યોગેશકુમાર ડી. છાયા જામનગર થી અત્રેની ડીવાયએસપીની કચેરીમાં બદલાયા.

મોહક ધવલભાઈ માંકડ પ્રથમ વર્ષ એમ. બી. બી.એસ.માં ૭૨ % સાથે ઉતીર્ણ થયા.

*બીજા સાથે એવો વ્યવહાર ન કરો જે તમને પોતાના માટે પસંદ ન હોય.*

**સિહોર :–** અર્ચનાબેન દેસાઈ વૈષ્ણવોદેવી, કાશ્મીરના પ્રવાસે જઈ આવ્યાં.

**રાજકોટ :–** શ્રી પ્રફુલ્લભાઈ નવીનચંદ્ર માંકડના નિવાસસ્થાન 'હાટકેશ' , ૨–ગુલાબ વાટિકા અમીનમાર્ગ ખાતે તા. ૧૬ થી ૨૬ ઓકટોબર દરમિયાન 'મા જગદંબાની પાવન પધરામણી' (નવરાત્રી સ્થાપન) કરવામાં આવનાર છે. આરતી ગરબા દર્શન તથા તા. ૨૨/૧૦ ના રોજ દુર્ગાષ્ટમી હવનનો લાભ લેવા સૌને આમંત્રણ છે.

હાટકેશ પાટોત્સવ સમિતિના ઉપક્રમે તા. ૧૬–૧૦ થી ૨૩–૧૦ દરમિયાન શ્રી બાલકુંજ હોબી સેન્ટર એરપોર્ટ ફાટક પાસે રાજકોટ , સમૂહ નવરાત્રી ઘટ સ્થાપન કરવામાં આવનાર છે. સમસ્ત જ્ઞાતિજનોને આરતી, ગરબા, દર્શનનો લાભ લેવા આમંત્રણ છે.

સૌ. વિધિ ( મયુરીબેન રાસબિહારી વૈષ્ણવનાં પુત્રી) તથા સાર્થક ( સ્વ. પન્નાબેન બીપીનચંદ્ર ઓઝાના પુત્ર) લગ્ન બાદ કાયમી નિવાસ અર્થે ઓસ્ટ્રેલિયા જવા રવાના થયા.

અત્રે રિલાયન્સ કોમ્યુનિકેશનમાં એકઝીક્યુટીવ તરીકે ફરજ બજાવતા ક્ષિતિજ અભિલાષભાઈ નાણાવટી (સી ઈ, એમબીએ) ને સમગ્ર રાજકોટમાંથી શ્રેષ્ઠ કામગીરી બદલ 'બેસ્ટ એકઝીકીટીવ' તરીકેનો રાજય કક્ષાનો એવોર્ડ એનાયત થયો.

કુ. ખુશાલી ઉત્કલ વૈશ્નવ એમ.કોમ. પાર્ટ–૨માં ડીસ્ટીંગ્શન અને એમ. જે. કુંડલીયા કોમર્સ –બીબીએ કોલેજમાં છઠા ક્રમાંકે ઉત્તીર્ણ થયાં.

ઓકટોબર માસ દરમિયાન જુના ફિલ્મી ગીતોના વિડીયો શો (મોટા સ્ક્રીન ઉપર)નું આયોજન કરવામાં આવનાર છે. વધુ માહિતી માટે રસિક બંધુઓ રૂદ્રેશભાઈ બુચ (મો. ૯૭૧૨૩૪૨૮૦૭)નો સંપર્ક સાધશો.

કુ. પંકિત ભરતભાઈ વૈષ્ણવ સી.એ. ના પ્રથમ ગ્રુપ (આઈ પી સી સી) માં ઉતીર્ણ થઈ આર્ટીકલશીપમાં જોડાયાં.

ગુરૂવાર સત્સંગ મંડળના ઉપક્રમે પલ્લવીબેન વસાવડાના નિવાસસ્થાને શ્રી જીવણભાઈ શાસ્ત્રી દ્વારા શ્રાવણ–પુરુષોતમ માસ દરમિયાન ભાગવદ્ કથાનું વાંચન કરવામાં આવ્યું. આ મંડળનાં ૮૦ વર્ષની વયના વડીલબહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું તેમજ ગરૂવાર સત્સંગ મંડળને ૪૮ વર્ષ પૂર્ણ થતાં તા. ૨૦–૯–૧૨ના રોજ કામિનીબેન ઝાલાના માર્ગદર્શન હેઠળ દીપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

મિહીર કૌશિકકુમાર છાયા પ્રથમવર્ષ બી.ઈ.(ઈલે)એ બીરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય વિદ્યાનગર ખાતે યોજાયેલ સાયન્સ અને મેથેમેટીકલ કવીઝ કોમ્પીટીશનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ તેમજ જનરલ નોલેજ કોમ્પીટીશનમાં સમગ્ર કોલેજમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યુ.

અત્રેના આવૃતિબેન નાણાવટીએ સીસીઆરટી દ્વારા આયોજીત સ્ક્રીપ્ટ રાઈટીંગ અને એન્કરીંગના ત્રિદિવસીય સેમીનારનું સંચાલન કર્યું. તેઓએ ધોળકિયા હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓ માટે યોજાયેલ સેમીનારમાં સાહિત્યના નવરસ વિશે બે કલાકની તાલીમ આપી. આ ઉપરાંત ગાંધીનગર સ્થિત ચીલ્ડ્રન યુનિવર્સિટી ખાતે તા. ૧૩ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ શિક્ષણ અને નાટક વિષયક સેમીનારમાં તજજ્ઞ તરીકે પણ પોતાની સેવા આપી હતી.

પ્રદ્યુમ્ન જોષીપુરાએ ડી. પી. જોષી લાયબ્રેરી ખાતે હાસ્યના પ્રયોગો વિશે પ્રવચન આપ્યું.

અત્રેની વીવીપી એન્જીનીયરીંગ કોલેજમાં ગત વર્ષના વિવિધ ફેકલ્ટના વિદ્યાર્થીઓનો શિષ્યવૃત્તી વિતરણ સમારંભ તા ૧૫–૯–૧૨ના રોજ યોજાયો. જેમાં અત્રેના સિનીયર એન્જીનીયર્સ પૈકીના શ્રી જે.ટી. બક્ષી, મનહરભાઈ વૈષ્ણવ તેમજ મકરંદભાઈ વોરાના હસ્તે સ્કોલરશીપ એનાયત કરાવવામાં આવેલ.

**અંજાર :–** અત્રેના શ્રી અવનિશ રામપ્રસાદ વોરાએ એકસીસ બેંક રાજકોટ ખાતે સિનીયર મેનેજર તરીકે બઢતી મેળવી.

*રામાયણનો નિયમીત પાઠ કરનાર મોક્ષનો અધિકારી બને છે.*

**ઉના :-** અત્રેના જાણીતા એડવોકેટ શ્રી થિયુકેશભાઈ રમેશચંદ્રભાઈ દેસાઈને દીવ જિલ્લા કલેકટરશ્રી દ્વારા દીવ જિલ્લા સહકારી વકીલ (ડીજીપી) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ જુનાગઢ-ઉના પંચાયત ,એલ.આઈ.સી., પીજીવીસીએલના પેનલ એડવોકેટ તરીકે કાર્યરત છે. ઉપરાંત તેઓ શ્રી કનકેશ્વરી ટ્રસ્ટના માનદ ટ્રસ્ટી, ઉના તાલુકા હિતરક્ષા મંડળના સેક્રટરી ,જાયન્ટસ ગૃપ ઓફ ઉનાના સ્થાપક તરીકે સેવારત પણ છે. તેઓ બરછીને દાયકાઓથી સેવા આપી રહયા છે. ત્યારે "બરછી પરિવાર" સહર્ષ અભિનંદન અને શુભકામના પાઠવે છે.

- ભવ્યા યજ્ઞેશભાઈ બક્ષી બી ફાર્મ (મુંબઈ યુની.) માં ૭૪% સાથે ઉર્તીણ થયા
- ડો યજ્ઞેશભાઈ આર .બક્ષી સહપરિવાર અમરનાથ વૈષ્ણવદેવીની યાત્રાએ જઈ આવ્યા.
- **જુનાગઢ :-** કૈશલ પરેશભાઈ વસાવડા બી.ઈ. ( મીકે) ત્રીજું વર્ષ ડિસ્ટીકશન સાથે ઉતીર્ણ.
- કુ. નિરાલી ભવદીપભાઈ માંકડ એમ.ઈ. બીજાં સેમે.માં ૮૩% સાથે ઉત્તીર્ણ.

**અનંતના યાત્રીઓ :-**

- ઉર્મિ બેન મહેશભાઈ ઓઝાનું ૭૪ વર્ષે અમદાવાદ ખાતે.- નચિકેતાબેન એચ વોરાનું અમદાવાદ ખાતે. - વિનેશ્વરી (વિનુબેન)બેન ઉષાકાંતભાઈ મહેતાનું ૮૫ વર્ષ રાજકોટ ખાતે. - કાન્તિભાઈ ડોલરભાઈ માંકડ ૮૪ વર્ષ રાજકોટ ખાતે. - શ્રીમતી રેખાબેન એન. વૈષ્ણવ (માંકડ) દિલ્હી ખાતે.

ડો. રશિમકાન્ત પ્રિતમલાલ મંકોડી ૭૨ વર્ષ અમેરીકા ખાતે. - હરસુખરાય મૂળશંકર બુચ ૮૭ વર્ષ અમદાવાદ ખાતે. - શ્રીમતી રેખાબેન દીનકરભાઈ બુચનું મુંબઈ ખાતે. - જનાર્દનભાઈ જશવંતભાઈ વૈશ્નવ-૯૬ વર્ષ મુંબઈ જનકભાઈ ધીરજલાલ દીવાન - જૂનાગઢ. હરસુખરાય મુળશંકર બુચ અમદાવાદ. હરસુખરાય રામપ્રસાદ વૈશ્નવ - ૮૦ વર્ષ - પોરબંદર - દેવીબેન ઈન્દુલાલ વૈદ્યનું લંડન ખાતે.

અમદાવાદમાં નહેરૂનગર પાસે બી. આર. ટી. એસ.ના બસ સ્ટેન્ડ તથા સૌરાષ્ટ્ર કચ્છ અને વડોદરા જતી આવતી એસ. ટી. બસ સ્ટેન્ડની નજીક આવેલ ૫-માંગલ્ય સોસાયટીમાં અભ્યાસ અથવા સર્વિસ કરતી નાગર બહેનોને પી જી (પેઈંગ ગેસ્ટ) તરીકે રહેવાની સવગડ ઓકટોબર માસથી ઉપ્લબ્ધ છે. ગેસ તથા ફ્રીઝની સગવડ મળી શકશે.

**સંપર્ક કરો :- મહેશકાન્ત વસાવડા**
**મોબાઈલ :- ૯૯૦૪૯૪૯૪૯૫**
**ફોન :- ૦૭૯ ૨૬૭૫૪૫૦૧**


## ABM TRAVELS

**MONSOON DHAMAKA**
Singapore-Malaysia (6N/7D) Rs.69750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.89750 per Adult/HongKong-Shenzhan (7N/8D)Rs.84750 - All Inclusive.

**Honeymoon tours**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui

**Mountain Resort**
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh

**Beach Resort**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar

**Cruise tours**
STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean

**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur

Booking of International destinations
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI

**Avinash Mehta, Mumbai 09820817318**
**abmtravels@gmail.com**



## શ્રી ઉર્વિશ છાયા પી. એચડી. થયા

અમદાવાદ સ્થિત શ્રી ધ્રુવકુમાર પ્રવિણચંદ્ર છાયા અને શ્રીમતિ પલ્લવી ધ્રુવકુમાર છાયાના પુત્ર તથા શ્રી ગીરીશભાઈ અને નીલાબેન વસાવડાના જમાઈ શ્રી ઉર્વિશ છાયાએ તાજેતરમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી માઈક્રોબાયોલોજી વિષયમાં ડોકટરેટની પદવી મેળવી છે. તેઓ હાલ સરદાર પટેલ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજ એન. વી. પટેલ સાયન્સ કોલેજમાં સિનીયર આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહયા છે.

## ઉચ્ચ અભ્યાસ અર્થે મનન-વરદનું જર્મની ઉડાન

**મનન નાણાવટી :** અમદાવાદ સ્થિત મનન (તે રૂપાંગી મુકેશ નાણાવટીના પુત્ર, માલીનીબેન પવનકુમારના પૌત્ર તથા રેણુકાબેન કિરીટભાઈ દેસાઈના દોહિત્ર) ગુજરાત યુનિવર્સિટી માંથી ૨૦૧૧માં બાયોમેડીકલ એન્જીનીયરીંગમાં પાંચમું સ્થાન પ્રાપ્ત કરી બી.ઈ.ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ હવે તેઓ ઓકટોબર ૨૦૧૨થી ઉચ્ચ અભ્યાસાર્થે માસ્ટર ઓફ એન્જીનીયરીંગ ઈન બાયોમેડીકલ, એનહાલ્ટ યુનિવર્સિટી ઓફ એપ્લાઈડ સાયન્સ "કોઈથન" અને માર્ટિન લ્યુથર કીંગ યુનિવર્સિટી- હોલે-જર્મની જવા રવાના થશે.



**વરદ ઓઝા :** ભાવનગર નિવાસી શ્રી અમીત ભાસ્કરભાઈ ઓઝાના પુત્ર વરદ ઓઝા જુન ૨૦૧૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.ઈ.(મીકે)માં સી. યુ. શાહ કોલેજ ઓફ એન્જી.માંથી ઉતીર્ણ થયા હાલમાં તેઓ જર્મન ભાષાનો અભ્યાસ કરી રહયા છે. જુન ૨૦૧૩માં એમ. એસ.ના ઉચ્ચ અભ્યાસ અર્થે જર્મની જનાર છે.

## એન્જીનીયર - પત્રકાર અર્ણવ વસાવડા

ગાંધીનગર નિવાસી શ્રીમતી સ્વાતિ ઉષાકાન્ત વસાવડાના પુત્ર અર્ણવ વસાવડાએ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી પાટણ દ્વારા ૨૦૧૦માં લેવાયેલ બી.ઈ. (આઈટી) ડીસ્ટીકશન માર્કસ સાથે પસાર કર્યા બાદ કંઈક 'હટકે કરવાની' અને આજની સીસ્ટમ સુધારવાની ધગશ થકી દિલ્હી નોઈડા ખાતે માસ્કો મિડીયા ઈન્સ્ટીટયુટમાં પ્રવેશ મેળવી એમએસસી (માસ કોમ્યુનીકેશન-જર્નાલિઝમ એન્ડ એડવર્ટાઈઝીંગ)ના અભ્યાસમાં જોડાયા અને પ્રથમ સેમેસ્ટરમાં કોલેજમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થયા છે. તેઓ કોલેજમાં એકમાત્ર ગુજરાતી છે. મેં ૨૦૧૨માં લેકસીકન આર્ટ ગેલેરી (દિલ્હી પ્રેસ) દ્વારા આયોજીત ભારતના નામાંકીત કલાકારોના કલા પ્રદર્શન(આર્ટ એકઝીબીશન)માં ઈવેન્ટ મેનેજમેન્ટમાં ઈન્ટર્નશીપ માટે પસંદગી પામી સુંદર કામગીરી બજાવેલ. આ પ્રદર્શન નીહાળવા આવેલ શ્રીમતી મેનકા ગાંધી, શ્રી ઓસ્કાર ફર્નાન્ડીસ તથા સાઉથ દીલ્હી મેયરના ઈન્ટરવ્યુ લેવાની તક મેળવી પોતની પ્રતિભાનો પરીચય કરાવેલ. તાજેતરના દિલ્હી ખાતે ચાલી રહેલ આંદોલનોમાં કોલેજ દ્વારા તેઓ લાઈવ રીપોર્ટીંગમાં પણ કાર્યરત છે. આમ અર્ણવ તેમના દાદા સ્વ. ભાલચંદ્ર નવનીતલાલ વસાવડાનો વારસો આગળ વધારવામાં પ્રયત્નશીલ છે.

આજના જાહેર પત્રકારત્વમાં જોડાવું તે સૈન્યમાં જોડાઈને ફના થવા સમાન જ છે... અને કલમથી તાકાતવર જેહાદી પત્રકારોની જ દેશને વધુ જરૂર છે. સત્યતા-અડગતા સાથે આગે બઢો...!

**નોંધ :** બરછીના મેઈલીંગ લીસ્ટમાં ગ્રાહકોના ફોનનંબર નોંધાયેલા છે...પરંતુ મોબાઈલનંબરની જરૂરીયાત આ બે માસ દરમ્યાન સમજી શકયા..જે તુરત સંદેશો પહોંચાડવા અનિવાર્ય બનેલ છે તેથી ઘરનો ગમે તે એક મો. નંબર અમને આપના ગ્રાહકનંબર સાથે ફોનથી SMS કે ઇ મેઈલથી નોંધાવી દેવા વિનંતી છે.જેથી બરછી અંગેનો સંદેશો પહોંચાડી શકાય. સ્કીમને કારણે કેટલાક જ્ઞાતિજનોએ આવા સંદેશા મોકલવાની તૈયારી બતાવેલ છે. -તંત્રી.

*એક અવિવેકમાં બીજો અવિવેક ભળે તેમાંથી રાવણનો જન્મ થાય.*

## કુ. આસ્થા વસાવડા ડીપ્લોમા એન્જીનીયર થયાં-મેરીટમાં અગ્ર

ગાંધીનગર નિવાસી શ્રીમતી સ્વાતી ઉષાકાન્તભાઈ વસાવડાનાં પુત્રી કુ. આસ્થા જીટીયુ દ્વારા લેવાયેલ ડીપ્લોમા ઈજનેરી (કોમ્પ્યુટર) પરીક્ષામાં ૯.૮ પર્સનટાઈલ મેળવી ઉર્તીણ થયાં અને ડીગ્રીના મેરીટ લીસ્ટમાં સમગ્ર ગુજરાતમાં ૧૪મું સ્થાન પ્રાપ્ત કરી નિરમા યુનિવર્સિટી ખાતે બી. ટેક(સીઇ)માં પ્રવેશ મેળવ્યો. અભ્યાસ સાથે ચિ. આસ્થા ગાંધીનગર ખાતે બૃહદ ગુજરાત સંગીત સંચાલીત અરવિંદ કેન્દ્ર ખાતે છેલ્લાં ૭ વર્ષથી સંગીતની તાલીમ લઈ રહયાં છે. ટૂંક સમય પહેલાં ગાંધીનગરમાં યોજાયેલ શ્રી નારણભાઈ દેસાઈની ૭૫મી ગાંધીકથામાં પોતાના સુંદર કંઠનો પરીચય કરાવેલ. હાલમાં તેણી સંગીત(વોકલ)માં વિશારદ પરીક્ષા માટે તૈયારી કરી રહયાં છે. અભિનંદન.

## દિલ્હી મહિલા નાગર મહિલા મંડળનો શુભારંભ

રાષ્ટ્રીય નાગર (બ્રાહ્મણ) પ્રતિષ્ઠાનના પ્રમુખ કેપ્ટન ચંદ્રમોહન વ્યાસના પ્રોત્સાહનથી જુન ૨૦૧૨માં દિલ્હી નાગર મહીલા મંડળની સ્થાપના કરવામાં આવી. શ્રીમતી આભા દવે- પ્રમુખ મૃદુલા નાગર -ઉપપ્રમુખ, રેખા દવે-મહામંત્રી, પ્રીતિ યાજ્ઞિક-મંત્રી અને ગીંતાજલિ પંડયાની કોષાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી. તા. ૧૫-૭ ના રોજ દિલ્હીના ચાંદની ચોક સ્થિત ૫૦૦ વર્ષ પૂરાણા ઐતિહાસીક શ્રી હાટકેશ મંદીર ખાતે દિલ્હી નાગર મહીલા મંડળની સ્થાપનાનો પ્રથમ કાર્યક્રમ "હરીયાલી ત્રીજ" ની ઉજવણી રૂપે સુંદર રીતે યોજાઈ ગયો. (ઉતર ભારતમાં હરીયાળી ત્રીજનું પર્વ ઉનાળાના અસહય તાપ તછી વર્ષાની ઝરમર ધરતીમાતાને હરીયાળી ચાદરથી શણગારે છે તેથી પરાપૂર્વથી ઉજવાય છે. ) આ પ્રથમ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષ રાષ્ટ્રીય નાગર મહિલા પ્રતિષ્ઠાનના પ્રમુખ શ્રીમતી વિશાખાબેન પોટા અને શ્રી મૌલેશભાઈ પોટા મુંબઈથી ખાસ ઉપસ્થિત રહયા હતા. મંડળના હોદેદારોએ તેઓનું પુષ્પગુચ્છ,સ્મૃતિચિન્હ અને શાલથી સ્વાગત કર્યુ હતું.

જ્ઞાતિ પરંપરા અને સંજોગોનો સુંદર સુમેળ કરી નાગરણીઓએ લીલાં હરીયાળા રંગના વસ્ત્રાલંકારોથી સજીને ગરબા, મહેંદી હરિફાઈ અને પ્રસંગોચિત "પૂર્ણ શૃંગાર" હરીફાઈનું સફળ આયોજન કર્યુ હતું.પ્રથમ કાર્યક્રમના અનેરા ઉત્સાહમાં વધારો કરતાં મુખ્ય મહેમાન શ્રીમતી વિશાખાબહેને હાજર રહેલાં બાળકોને આપણા સ્તુતિ, સ્તોત્ર શ્લોકનું ગાયન પઠન કરવા પ્રોત્સાહિત કરી શીઘ્ર સ્પર્ધા કરી ઉપસ્થિત સર્વેને જ્ઞાતિ પરંપરા સાથે વિવિધરંગી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન વધુને વધુ જ્ઞાતિજનોને કેવી રીતે જ્ઞાતિહિતવર્ધક પ્રવૃતિમાં જોડાવા માટે આકર્ષિત કરી શકે તેનું જીવંત દ્રષ્ટાંત પુરું પાડયું હતું. વિજેતાઓને તેમના વરદ હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. ઉપસ્થિત સર્વના આગ્રહથી ગુજરાતીમાં (હિન્દી નહી) સંબોધતા શ્રીમતી વિશાખાબેને જ્ઞાતિ સંસ્થાની પ્રવૃતિના સર્વાંગી વિકાસ વિશે અનેકવિધ જાણકારી આપી હતી. કાર્યક્રમની સમાપ્તિમાં સર્વેએ સાથે મળીને શ્રી ઈષ્ટદેવની સંઘ્યા આરતી બાદ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

નાગર જ્ઞાતિનું મૂળવતન વડનગર ગુજરાત ગણાય છે પરંતુ પેઢીઓથી વતનની બહાર વસેલા જ્ઞાતિજનોને પણ વિશાળ ક્ષેત્રે સમાવી લેવા માટે રાષ્ટ્રીય નાગર (બ્રાહ્મણ) પ્રતિષ્ઠાનની સ્થાપના થોડા વર્ષો પહેલા કરવામાં આવેલ છે. જેઓ એકજુટ થઈને જ્ઞાતિ પરંપરા જાળવી રાખવા વિવિધ પ્રવૃતિઓ કરી રહેલ છે. જેની મહિલા પાંખ અને યુવા પાંખ પણ કાર્યરત છે અને જ્ઞાતિના રાષ્ટ્રીય અધિવેશનો પણ યોજાય છે.

*દુષ્ટો પાસેથી પ્રત્યુપકારની કયારેય આશા રાખવી જોઈએ નહીં.*

# ––– બરછીના માનદ્ પ્રતિનિધીઓ –––

તાજેતરમાં એકાએક ઉભી થયેલ સમસ્યામાં ઘણા પ્રતિનિધીઓ ઉપયોગી થયા પરંતુ મારા સંકલનના અભાવે આપને જાણ ન કરી શકયાજેને ધ્યાનમાં લઈ તેમજ સમાચારો, લવાજમ માટે પણ ઉપયોગીતાના હેતુથી બરછીના પ્રતિનિધીઓના નામ અને ફોન નંબર પ્રસિધ્ધ કરી રહયા છીએ. આપની એડ્રેસ સ્લીપમાં ગ્રાહકનંબર સાથે આવતા નંબર પ્રતિનિધીનો કોડ નંબર (નામની બાજુમાં ) દર્શાવેલ છે. જેથી આપે જેમને લવાજમ આપેલ હોય તેમનો સંપર્ક સાધી શકો.

ઓકટો/નવે.નો સં.અંક ગામે ગામ વિસ્તાર પ્રતિનિધીઓ દ્વારા બરછી પહોંચાડવા વિચાર છે સેવા આપવા ઈચ્છુકોને મારો અને પ્રતિ.નો સંપર્ક સાધવા વિ. જેથી સંકલન સાધી શકાય તથા ગ્રાહકો કોની પાસેથી બરછી મેળવવાનું છે તે અમારી અને પ્રતિ. પાસેથી જાણી શકે. આ વર્ષ સૌ પાસે માત્ર 'થોડો સમય' ફાળવવાની અપેક્ષા રાખીએ છીએ.

વિતરણ વ્ય. જાણવા તા. ૫/૧૧ આસપાસ જે પ્રતિનિધી હસ્તક લવાજમ ભરેલ હોય તેમનો (જ) સંપર્ક સાધશો અથવા બરછીની વેબસાઈટ કે fb/kkb ગ્રુપ જોતા રહેશો. વિસ્તાર પ્રતિ.ના નામ સમયસર મળશે તો સૌની સુવિધા અર્થે સાઈટ ઉપર પણ આપીશું – વિરેન ધોળકિયા

**રાજકોટ. (૦૨૮૧)**
(૧) શ્રી મધુકરભાઈ વૈશ્નવ ૨૪૫૨૪૯૨
(૪૨) શ્રી કૌશિકભાઈ પોટા ૨૪૫૯૫૩૦
(૪૮) શ્રી ભરતભાઈ મહેતા
(૪૩) શ્રી મુકેશભાઈ દેસાઈ ૨૪૭૫૭૦૧
(૪૭) શ્રી નિલમ વસાવડા ૨૫૮૩૭૯૯
(૪૬) શ્રી ચેતન છાયા ૯૪૨૭૦૦૦૫૯
(૪૯) શ્રી હીતેશ ધોળકિયા ૯૪૨૭૭૨૭૦૩૭
(૯૯૮/૯)કાર્યાલય ૨૪૫૩૦૬૩/૯૪૨૮૭૦૦૧૦૫
**જૂનાગઢ (૦૨૮૫)**
(૩૧) શ્રી નીરજભાઈ વૈશ્નવ ૨૬૨૨૭૨૨
(૩૩) શ્રી ડી.સી. વૈશ્નવ ૨૬૫૨૦૩૮
(૩૦) શ્રી વિમલભાઈ વોરા ૨૬૫૨૮૦૬
(૪૧) શ્રી મયુર દેસાઈ ૨૬૭૩૮૧૨
**પોરબંદર. (૦૨૮૬)**
(૪૦) શ્રી આર. બી. ઓઝા ૨૨૨૨૦૫૯
**ઉના**
(૫૪) વૃત્તિબેન ટી. દેસાઈ (૦૨૮૭૫)૨૨૨૯૧૫
**જામનગર.** (૦૨૮૮)
(૨૭) શ્રી જનકભાઈ માંકડ ૨૭૫૦૩૭૨
(૨૪) શ્રી પ્રવિણભાઈ બુચ ૨૫૫૧૫૧૯
(૨૬) શ્રી રાજેન્દ્ર ડી. ઓઝા ૨૭૫૪૭૯૩
**જામખંભાળીયા. (૦૨૮૩૩)**
(૨૮) શ્રી રજનીકાંતભાઈ બુચ ૨૩૪૪૧૬
**સિકકા** (૫૧) યક્ષેન્દ્ર ઓઝા –

**કોટા(રાજસ્થાન)**(૩૫) શ્રી આર. એન. નાગર
**ભાવનગર (૧૮)**
પી. એમ. વોરા (૦૨૭૮) ૨૫૧૭૦૯૧
**મહુવા** (૩૭)શ્રી વિસ્મયભાઈ દેસાઈ ૨૨૭૩૩૦
**અમરેલી (૬)** શ્રી કે.એસ.વસાવડા
**ભુજ (૧૬)**
શ્રી હરિભાઈ અંતાણી (૦૨૮૩૨) ૨૫૮૩૮૪
**અમદાવાદ (૧૧)**
શ્રી નીરંજનભાઈ ઝાલા (૦૭૯) ૨૬૮૧૪૫૫૮
**ગાંધીનગર (૨૧)**
શ્રી તારક ઓઝા (૦૭૯) ૨૩૨૨૭૯૩૮
**વલ્લભવિદ્યાનગર**
શ્રી રસેન્દુ દેસાઈ (૦૨૬૯૨)૨૩૮૭૮૮
**વડોદરા (૦૨૬૫)**
(૬૪) શ્રી ઋષિભાઈ દેસાઈ ૨૩૮૮૪૪૪
(૬૨) શ્રી હેમંત નાણાવટી ૯૯૦૯૦૨૩૪૨૮
(૫૬) શ્રી દુષ્યંતભાઈ અંતાણી ૨૪૮૫૬૪૦
(૬૦) શ્રીમતી સ્વાતિબેન દેસાઈ ૨૩૯૫૩૮૧
(૬૧) શ્રી પ્રતીક અ. અંજારીયા ૨૩૯૫૭૦૫
**ફર્ટિલાઈઝરનગર**
(૧૯) શ્રી રાજેશભાઈ મહેતા ૨૨૪૧૮૨૭
**ભરૂચ (૭૦)**
શ્રીમતિ આશાબેન દેસાઈ (૦૨૬૪૨) ૨૨૩૧૯૬૨
**મુંબઈ – કાંદીવલી (૦૨૨)**
(૧૨) શ્રીમતી યામીનીબેન ઝાલા ૨૮૮૯૦૨૪૩
(૧૩)શ્રીમતી વિશાખાબેન પોટા ૨૮૦૧૪૭૫૧

*શસ્ત્રનો ઉપયોગ બીજાને નિર્ભય બનાવવા માટે હોય ગભરાવવા માટે નહીં.*

**<u>સગપણ સગાઈ :-</u>** જુનાગઢ સ્થિત ડો. અભિલાષભાઈ ઈન્દુભાઈ વસાવડાના પુત્ર ડો. વિશાલનું સગપણ રાજકોટ સ્થિત અભિલાષભાઈ મહેન્દ્રભાઈ નાણાવટીના પુત્રી ડો. ક્ષમા સાથે. - જામનગર સ્થિત શ્રી પુષ્પેન્દ્ર શિવપ્રસાદ છાયાના પુત્ર અર્પિતનું સગપણ રાજકોટના શ્રી ગજેન્દ્ર બક્ષીના પુત્રી નિશિતા સાથે. - મીઠાપુર સ્થિત રાહુલભાઈ જીતુભાઈ બુચનાં પુત્રી સ્તુતિનું સગપણ મુંબઈ નિવાસી ભજમનરાય નાણાવટીના પુત્ર માનસ સાથે. - મુંબઈ નિવાસી શ્રી દુર્ગેશ મકરંદભાઈ મહેતાનાં પુત્રી કૃતિનું સગપણ વડોદરા નિવાસી પ્રકાશભાઈ રાજેન્દ્રભાઈ દેસાઈના પુત્ર પુરવ સાથે. - સુરત સ્થિત કુંજલ ધવલભાઈ વોરાનું સગપણ પોરબંદર સ્થિત દ્રષ્ટિ પંકજભાઈ માંકડ સાથે.

**<u>શુભલગ્ન :-</u>** જુનાગઢના શ્રીમતી હિમાક્ષીબેન દિવ્યવદન કચ્છીના પુત્રી ઈશાનીના લગ્ન અમદાવાદ નિવાસી રવિન્દ્રભાઈ એમ જોષીપુરાના પુત્ર હેમ સાથે - વડોદરા સ્થિત વિપુલ અનુરાય છાંયાના પુત્ર વૈભવના લગ્ન આમદાવાદ સ્થિત નરેશભાઈ વૈદ્યના પુત્રી નેહા સાથે.

હાટકેશ્વર મહાદેવ તેમજ મા અંબા ની કૃપા
અને વડીલો ના આશીર્વાદ થી.
**ચિ. દ્રષ્ટિ**



**શ્રીમતી બેલા હર્ષવદન ધોળકીયા ની પુત્રી
ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (GTU) માં
આઠમાં સ્થાન સાથે MBA થવા બદલ તેમજ
કોલેજ કેમ્પસ ઈન્ટરવ્યૂ દ્વારા HDFC બેંકમાં
નિમણુંક બદલ હાર્દિક અભિનંદન સાથે
અંતઃકરણ પૂર્વક શુભેચ્છા શુભાશિષ**

## <u>'બરછી'-લગ્ન વિષયક જાહેરાતનું ફોર્મ</u>

'બરછી'ના ગ્રાહક નંબર ________ ફોન/મો. : ________

જાહેરાત આપનારનું નામ : ________

સરનામું : ________

________

________

યુવક / યુવતીનું નામ : ________

અભ્યાસ : ________ વજન : ________

મંગળ છે / નથી ગોત્ર : ________ ઉંમર : ________ જ.તા. ________ ઊંચાઈ : ________

નોકરી/વ્યવસાય : ________

મોસાળ પક્ષ : ________

અન્ય માહિતી : ________

## -::- લગ્ન વિષયક જાહેરાત (સપ્ટે.-૧૨)-::-

સવારે ૧૧ થી ૧ રાત્રે ૫ થી ૯ દરમ્યાન ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરી જે ૧ થી ૧૦ ક્રમ નંબર માટે ફોન નંબર મેળવી શકશો. કયા મહીના (ઓગષ્ટ કે સપ્ટે.)ના ક્રમ નં.ની માહિતી જોઈએ છે તે ખાશ જણાવશો.

(૧) બીબીએ એમબીએ, જ.તા. ૧/૧૯૮૭, એલીકોમ કુ.માં સિનીયર એચ. આર.એમ. તરીકે નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- ૦૨૬૯૨ -

(૨) કોમ્પ્યુટર એન્જી. એમબીએ જ.તા. ૨/૧૯૮૬,૫'. ૬'' ઉંચાઈ, રીલાયન્સ કોમ્યુનીકેશનમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧- મો.

(૩) બી.કોમ. જ.તા. ઓકટોબર ૧૯૮૧ ઉંચાઈ ૫'. ૪'' નિઃસંતાન નિર્દોષ છુટાછેડા લીધેલ યુવતીને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૬૫ -

(૪) બી. કોમ., એમબીએ જ.તા. ૪/૧૯૮૧ ઉંચાઈ ૫'.૮'' નાગરીક સહકારી બેંકમાં કાયમી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક :- ૦૨૮૧- મો.

(૫) ઈલેકટ્રીકલ એન્જી. માસ્ટર ડીગ્રી જ.તા. ૬/૧૯૭૫ ઉંચાઈ ૬' અમેરીકા ખાતે કાયમી નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- ૦૨૨- મો.

(૬) બી.કોમ., પીજીડીસીએ ,જ.તા. ૧૧/૧૯૮૨ ઉચાં ૫'. ૩ '', આઈસી આઈ સી આઈ બેંક માં ઓફીસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- ૦૨૮૧-

(૭) બી.ઇ.(ઇસી) જ. ૧૧/૧૯૮૭, ઉંચાઈ ૫'.૨'', ટીસીએસમાં ગાંધીનગર ખાતે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૮) બી.કોમ. ૧૧/૧૯૭૮ ઉંચાઈ ૫'.૭'' વડોદરા ખાતે પ્રાઈવેટ લી. માં નોકરી કરતા છુટાછેડા થયેલ યુવકને યુવતી. સંપર્કઃ- ૦૨૮૫-મો. **(૯)** બીસીએ જ . ૧૨/૧૯૮૧ બી.પી.ઓ. કંપનીમાં નોકરી કરતા યુવક (જન્મથી બોલવામાં થોડી તકલીફ) ને કન્યા. સંપર્કઃ- ૦૨૬૫ - **(૧૦)** બી.ઈ., એમબીએ. જ. ૧/૧૯૮૪, ઉં. ૫'.૪'' અમદાવાદ ખાતે આસી મેને. તરીકે બેંકમાં નોકરી કરતી કન્યાને યુવક. સં. ૦૨૬૫-

## -::- લગ્ન વિષયક જાહેરાત (ઓગષ્ટ-૧૨ ફરીથી)-::-

(૧) બી.કોમ., ડીપ્લોમા એવીએશન, ૨/૧૯૮૬, ૫'.૪'' ઉંચાઈના ઈન્ડીગો એરલાઈન્સ કાં.માં અમદાવાદ ખાતે નોકરી કરતા-સાદો મંગળ છે.- યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૩) બી.કોમ., કોમ્પ્યુ. ૭/૧૯૮૨, ૫'.૩'' ઉ., પ્રા. કંપનીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૪) બી.કોમ., એમબીએ., ૬/૧૯૮૩, ઉંચાઈ ૫'.૧૧'' એકસીસ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧- (૫) બી.એ.એમ.એસ.(આયુ.ડોકટર)૧૨/૧૯૮૭ ના. બ્રા. કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮-

(૬)બી.કોમ., ૨૮ વર્ષના નોકરી કરતા ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૬૭૮૭૯૩૮

(૭) બી.ઈ. (સી.ઇ.)જ. '૮૩, ૫'.૩'' સીસ્ટમ એન્જી. તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૮) બી.કોમ., એમબીએ, જ. ૭/૧૯૮૭, ૫'.૫'' ઉંચાઈ, અમદાવાદ ખાતે પ્રા. લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-(૯) બી.કોમ.,બી.લીબ.,એમ.લીબ(ચાલુ) જ. ૫/૧૯૮૯, ઉંચાઈ ૫'.૫'', કોર્પોરેશન બેંકમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૮- (૧૦) એમ.એસસી. જ. ૫/૧૯૮૫, ૫'.૬'' ઉંચાઈ ક્રાઇસ્ટ કોલેજમાં લેકચરર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૧૧) બી. ઈ. (ઈન્સ્ટ્રુમેન્ટ) જન્મ : ૩/૧૯૮૬, ઉંચાઈ : ૫'.૪'', એમએનસી કંપનીમાં નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫ -(૧૨) એમ.કોમ., એમ.બી.એ., જ. ૧૨/૧૯૮૨, ઉંચાઈ ૫'.૮''બેંકમાં ઓફીસર તરીકે નોકરી કરતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

*શત્રુની પણ આજીવિકા નષ્ટ ન કરવી.*

## --- નાગરોની શ્રધ્ધાનું શિખર - નરસૈયો ---

શ્રધ્ધા એ માણસના જીવનરથનો સારથિ છે. પુરુષાર્થના પૈડા હોય, આત્મબળના ઘોડા હોય પરંતુ શ્રધ્ધાના સારથિપણા વગર રથની ગતિ તેજ નથી હોતી. સંસ્કારના ઉચ્ચ સ્થાને બેઠેલા આપણે પુરા શ્રધ્ધાવાન છીએ. ઈષ્ટદેવ હાટેશ્વર –માઅંબિકા માં અતૂટ શ્રધ્ધા રાખીને આપણે સૌ વિકસતા જ રહયા છીએ. પરંતુ વર્તમાન સમયમાં શોર્ટકટ શોધનારા આપણે સૌ કાં તો શ્રધ્ધામાં શંકા કે અંધશ્રધ્ધાના આટાપાટમાં અટવાઈએ ને કાં તો અવળે રસ્તે ફંટાઈએ છીએ. નવી પેઢીને ધૈર્યહીન લોકોને જ્ઞાતિ અને ઈષ્ટદેવ તરફ ટકાવી રાખવા એ વર્તમાન સમયનો પડકાર છે. એવા સમયે આપણા જ પૂર્વજ જે રોજબરોજ કનૈયા સાથે કાનમાં વાત કરતો નરસૈંયો જ યાદ આવે. ક્ષણે ક્ષણ શ્યામ રટતો નરસૈયો તો શ્રધ્ધાનું ઉત્તમ શિખર જ છે. નરસિંહ એ દૂરનો કાલ્પનિક ઈતિહાસ નથી.નરસિંહ મહેતાની ૧૪ મી ૧૫મી પેઢી આજે જીવે જ છે. નરસિંહ મહેતાના જીવનના તમામ કઠિન પ્રસંગો ભગવાને પ્રત્યક્ષ આવીને પૂર્ણ કર્યા છે. તેનો ઇતિહાસ સૌ જાણે જ છે. ન જાણતા હો તો જાણી લેજો... કારણકે નરસિંહ મહેતા આપણો જ છે, નાગર છે. કૂળ ૭૧ તાર્યા રે , એવી ભગવાન પાસે નરસિંહે આપણા માટે બાંહેધરી લીધી છે.

આપણે લોકો હોંશીયાર અને બુધ્ધિશાળી છીએ. નરસિંહ મહેતા પર પુસ્તકો લખાયાં, કેટલાય પી.એચડી થયા, વિવેચનો અને ચર્ચાઓ ગોઠવાય પરંતુ આ નરસિંહ નો ફોટો કેટલા નાગરના ઘરમાં છે? કેટલા વડીલો એ નરસિંહના પ્રભાતિયાં ગાયાં, સાંભળ્યા, કે સંતાનોને સંભળાવ્યાં? નરસિંહના જીવનની અન્ય ઘટનાઓ વાંચીને જાણીને પરીવારમાં વહેંચી તેની ઘટનાઓનું ઘરમાં પ્રતિપાદન કર્યુ? આસપાસ નજર કરીએ તો ખબર પડે કે ધર્મ અને સમાજ માટે કાર્ય કરનારાઓને લોકો પૂજે છે. તેને શ્રધ્ધાનું પ્રતીક બનાવી ને તેમાંથી જીવન જીવવાનું બળ મેળવે છે. વીરપુરનું જલારામ મંદીર, બગદાણા, સતાધાર, સંત મેંકણ ને એવાં તો અનેક શ્રધ્ધાતીર્થ આપણા ગુજરાતમાં આવેલાં છે. અવતારોનું એક વિજ્ઞાન છે... સિધ્ધાંત છે. ઘણીવાર ભગવાન 'યુનિવર્સલ નેસેસીટી' એટલે જાગતીક જરૂરીયાત માટે આવી વ્યકિતને મોકલતી હોય છે. નરસિંહ મહેતા આવા જ એક અવતારી હતા, એમાં શંકાને સ્થાન નથી. નરસિંહ મહેતાને આપણે સૌએ બે કારણથી જ યાદ રાખવા જોઈએ, પૂજવા જોઈએ. એક તો આટલો ભગવાનની નજીક રહેલો મહાપુરૂષ આપણો જ પૂર્વજ, સગો, નાગર હતો ને બીજું કારણ જે તે સમયે આપણા રુઢિચૂસ્ત પૂર્વજોએ તેમની કરેલી અવગણનાનું પ્રાયશ્ચિત પણ આપણે જ કરવું પડે. તો જ નરસિંહની જેમ આપણે નારાયણ સુધી પહોંચી શકીએ.

નરસિંહ મહેતા સાથે સંકળાયેલા અનેક તીર્થ આપણી નજીક છે. જુનાગઢનો ચોરો, દામોદર કુંડ, ગોપનાથ ગામ એ પવિત્ર ભૂમિ છે જયાં નરસિંહ સાથે શ્રી હરી ચાલ્યા છે બેઠા છે. આ તીર્થસ્થાનો આપણું શ્રધ્ધાબળ વધારવામાં જરૂર નિમિત બની શકે. આ તીર્થસ્થાનોની હાલત અને વહીવટ સુંદર હશે જ ન હોય તો તેને પૂર્ણપણે વિકસાવવાની જવાબદારી આપણી જ છે. નરસિંહમાં, ઈષ્ટદેવમાં આસ્થા રાખનાર સૌએ સાથે મળીને આ તીર્થસ્થાનો વિકસાવી હાઈલાઈટ કરી તેને આગવું સ્થાન અપાવીએ. અલગ પ્રદેશમાંથી નરસિંહ સાથે સંકળાયેલા તીર્થસ્થાનોના ખાસ પ્રવાસોનું આયોજન કરીએ. તેમાં જે તે પ્રદેશના મિત્રો યજમાનો પણ સુવિધામાં સહભાગી બને તો તો ભયો ભયો થાય.

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ'નો ગાનાર ભકત શિરોમણી, તત્વજ્ઞાની અને સતત સાક્ષાત્કાર પામનાર નરસિંહને જીવંત રાખીશું તો જ આપણી શ્રધ્ધા જીવંત બનશે..પ્રબળ બનશે. આવો, આપણી નાગર જ્ઞાતિની શ્રધ્ધાના શિખરે પહોંચી આપણા સૌના પરિવાર માટે વિચારીએ. અને વિકસીએ.

જય હાટકેશ જય નરસિંહ મહેતા ! – દિનેશ માંકડ (અમદાવાદ)

*વિષય, વ્યસન અને વહેમ પ્રભુ ભજવા દે કેમ ?*

## અમારી કસોટીમાં સહભાગી થનાર સૌનો અંતઃકરણપૂર્વક આભાર...

'બરછી'ને ગત માસમાં સરકારી આવી કસોટી આવી...જે હજુ ચાલુ છે પરંતુ જેમ કુટુંબમાં કોઈ એકની વિકટ પરિસ્થિતિમાં સમગ્ર કુટુંબ પડખે ઉભું હોય અને હળવાશ અનુભવાય તેમ બરછીની કસોટીમાં પ્રતિનિધીઓ, અસંખ્ય હિતેચ્છુ જ્ઞાતિજનોઓ તન મનથી પડખે ઉભા રહી સહયોગ આપ્યો છે. હા, વિકટ સ્થિતિમાં જ બીજાં કરતાં પણ તમે (પોતે) બીજાં માટે શું વિચારો છો–કેવા છો તેની, પારકા–પોતાનાની,વિશુધ્ધ ભાવનાશીલ અને દંભી વાણીવિલાસ કરી સ્વાર્થ સાધનારની પરખ કરવાની તક મળતી હોય છે! ખેર! સમય મુજબ કુટુંબમાં પેઢી દર પેઢી ઐકય અને ભાવનામાં ઘસારો થાય છે તેમ જ્ઞાતિમાં પણ થાય તે સ્વાભાવિક છે કારણ કુટુંબોનો સમૂહ એટલે જ જ્ઞાતિને ?!.. છતાં મીઠી વિરડીઓ જેવા પ્રતિનિધીઓ,બંધુઓ પણ આજે છે જેઓએ જૂનાગઢ, જામનગર, જેવાં મોટાં શહેરો સહીત મહુવા, સિકકા,જામખંભાળીયા, ગોંડલ બરછી ઘેર ઘેર પહોંચાડવાની કપરી કામગીરી સંપૂર્ણપણે પ્રેમથી સ્વીકારી લીધી તો રાજકોટમાં પણ આવા કેટલાક પ્રતિનિધીઓની સેવા સાથે અનેક હિતેચ્છુ જ્ઞાતિજનો આ એક યજ્ઞકાર્ય સમજી વિતરણમાં જોડાયા અને અમને મોટી રાહત આપી. રાજકોટના વિતરણ માટે નામોલ્લેખ કરી શકાય તેમ હોવા છતાં નથી કરતા કારણ અન્ય શહેરોમાં પણ પ્રતિનિધીઓએ અન્ય બંધુઓની સેવા લીધી હોય તો અન્યાય ગણાશે..જેથી આ તકે જે કોઈ જ્ઞાતિજનોનો સહકાર મળ્યો તે નામી અનામી સૌનાં અંતઃકરણપૂર્વક આભારી છીએ. જો કે સખેદ નોંધ લેવી પડે છે કે મોટાં શહેરોમાં સમય–ખર્ચને વ્યવહારીક રીતે ધ્યાનમાં લઈ ૪ રૂા.ની ટીકીટ ચોડી ૩૧ તારીખે RMSમાંથી એક સાથે રવાના કરેલ ઓગષ્ટનો અંક તા. ૨૫/૯ સુધી અમદાવાદ,ગાંધીનગર,વડોદરામાં તથા અન્ય કેટલાંય ગામોમાં મળ્યા ન હતા. અને પહેલાજ અંકમાં અમને અને વિશેષ તો પ્રતિનિધીઓ જશને બદલે માત્રને માત્ર ફરીયાદોજ મળી પરંતુ ફોન ઉપર લાચારી સાથે જવાબ આપવા સિવાય કોઈ વિકલ્પ જ નહતો બચ્યો...છતાં સૌએ સજજનતા સાથે ધીરજ રાખી છે, અમારામાં વિશ્વાસ અકબંધ રાખ્યો છે જેની પણ સાભાર નોંધ લઈને આશા રાખીએ કે હવે તો અંક મળેલ હશે જ. સપ્ટેમ્બરનો આ અંક તા. ૩૦/૯ના રોજ ૪ રૂા.ની ટીકીટ સાથે રાજકોટ સહીત દરેક ગામના ગ્રાહકોને એક સાથે રવાના કરેલ છે. અમારી મુશ્કેલીમાં રાજકોટ અમદાવાદમાં હિતેચ્છુ પોસ્ટલ કર્મચારીઓ હંમેશા સહાયભૂત થાય છે જેની સાભાર નોંધ સાથે અન્યત્ર થશે તો આભારી થશું. દરેક શહરોના ગ્રાહકોને ડાક અદાલતમાં આ પાના સાથે ફરીયાદ કરવા જેટલા જાગૃત થવા અપીલ છે.જેથી સાચી હકીકત જાણવા મળે.

**આ વર્ષના લગભગ ગ્રાહકોનું લવાજમ આવી ગયા પછી પોસ્ટીંગ ખર્ચમાં ધરખમ વધારો થઈ જતાં મોટો આર્થિક બોજો આવેલ છે. મુખ્યત્વે લવાજમ ઉપર નિર્ભર રહેલ બરછીને વધારાનો બોજો ઉપાડવો શકય નથી તેથી નવા થતા અને હવે પછી રીન્યુ થનાર ગ્રાહકોનું લવાજમ રૂા. ૧૫૦/– કરવાનો અનિવાર્ય જેવો નિર્ણય લેવો પડેલ છે... હા, હવે પછી થતા કે રીન્યુ થતા રાજકોટના ગ્રાહકો કાર્યાલયેથી રૂબરૂ બરછી મેળવી રૂા. ૧૦૦ લવાજમ આપી શકે છે. –તંત્રી.**

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ
ગોલવાડ, બરોડા બેન્કની બાજુમાં,
સિધ્ધપુર. ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫

KALAM KADCHHI BARCHHI-GRJ-23
If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ

*નિંદા એ વાણીનો વ્યભિચાર છે.*